**સુરત મહાનગરપાલિકાની ખડી સમિતિની તા.૦૪–૦૯–૨૦૨૩ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

:: :: ::

મ્યુ.કમિશનરશ્રીના તા.૧૯–૦૮–૨૦૨૩ ના પત્ર નં.સી.મી.સ./૯/૧૩ થી વિદિત થઈ, સુરત મહાનગરપાલિકાની (કોડ–૫૧)કાર્યપાલક ઈજનેર(સીવીલ)ની ખાલી અનુસુચિત જાતિની ૦૧ જગ્યા, બિનઅનામતની ૦૧ જગ્યા તથા આર્થિક રીતે નબળા વર્ગ(આ.ન.વ.) ની ૦૧ જગ્યા મળી કુલ–૦૩ જગ્યાઓ ઉપલબ્ધ ઉમેદવારોમાંથી સીધી ભરતીથી ભરવા પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવા વિવિધ વર્તમાનપત્રોમાં સંક્ષિપ્ત જાહેરાત આપી લાયકાત પરિપુર્ણ કરતા અને ઈચ્છા ધરાવતા ઉમેદવારો પાસેથી મંગાવવામાં આવેલ ઓનલાઈન અરજીના સંદર્ભમાં આવેલ કુલ–૧૦૨ ઉમેદવારોની ઓનલાઈન અરજીઓ પૈકી આ સમિતિના તા.૨૨–૦૮–૨૦૨૩ ના ઠરાવ નં.૧૧/૨૦૨૩ અનુસાર કુલ–૩૮ ઉમેદવારોને સમિતિ સમક્ષ ઈન્ટરવ્યુ માટે તા.૦૪–૦૯–૨૦૨૩ ના રોજ હાજર રહેવાનું જણાવતાં, આજરોજ સમિતિ સમક્ષ રૂબરૂ હાજર રહેલા કુલ–૩૫ ઉમેદવારોના સમિતિએ પર્સનલ ઈન્ટરવ્યુ લઈ, સદર જગ્યા માટેનું રોસ્ટર ધ્યાને લઈ, પુખ્ત ચર્ચા વિચારણા કર્યા બાદ, સુરત મહાનગરપાલિકાની (કોડ–૫૧)કાર્યપાલક ઈજનેર(સીવીલ)ની અનુસુચિત જાતિની ૦૧ જગ્યા માટે પરેશભાઈ ધનજીભાઈ પટેલ અને બિનઅનામતની ૦૧ જગ્યા માટે જયાંગ રજનીકાંત જીવણરામજીવાલા સમિતિને લાયક જણાયેલ હોય, તેઓને પગારધોરણ રૂા.૧૦૦૦૦–૧૫૨૦૦/–, પે બેન્ડ : ૧૫૬૦૦–૩૯૧૦૦/–, ગ્રેડ પે : ૬૬૦૦/–, પે મેટ્રીકસ : ૬૭૭૦૦–૨૦૮૭૦૦/– તથા મળવાપાત્ર અન્ય ભથ્થાઓ સહિત જરૂર જણાયે પે પ્રોટેકટ કરી તેમની હાલની જગ્યાનું લીયન ચાલુ રાખી એક વર્ષના અજમાયશી સમય માટે નિમણૂંક આપવાનું તેમજ બિનઅનામતની જગ્યા માટે (૧) ઉમંગ કાંતિલાલ નાયક (૨) મીતા બળવંતલાલ ગાંધી તથા (૩) કરણકુમાર જયંતીલાલ ભાવસારને બે વર્ષ માટે પ્રતિક્ષાયાદીમાં રાખવાનું અને આર્થિક રીતે નબળા વર્ગ(આ.ન.વ.)ની ૦૧ જગ્યા માટે એકપણ ઉમેદવારી અરજી માન્ય થયેલ ન હોવાથી સદર કેટેગરી માટે કોઈ ઉમેદવાર ઉપલબ્ધ થયેલ નથી તે હકીકત જાણમાં લેવાનું સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ મંજુર કરવામાં આવે છે.

ઠરાવ નં.૧૫/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

================================

પ્રો.રા.જનરલ બોર્ડ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.   –૦૯–૨૦૨૩.

નકલ સ.ર.મ્યુ.કમિશનરશ્રી પ્રતિ.

*HDU....*

INFORMATION PURPOSE ONLY
"This content is generated from www.suratmunicipal.gov.in for information purpose."

**સુરત મહાનગરપાલિકાની ખડી સમિતિની તા.૦૪–૦૯–૨૦૨૩ ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :–**

:: :: ::

શાસક પક્ષના નેતાશ્રી અમિતસિંગ જમનાસિંગ રાજપુતના તા.૨૪–૦૮–૨૦૨૩ ના પત્રથી વિદિત થઈ, તેઓએ તા.૧૭–૦૮–૨૦૨૩ અને તા.૨૨–૦૮–૨૦૨૩ ના રોજ મળેલ સભામાં ગેરહાજર રહેવાનું જણાવેલ કારણ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં.૧૬/૨૦૨૩ સર્વાનુમતે મંજુર.

================================

પ્રો.રા.ખડી સમિતિ,

સહી/–
ઈ.ચા.મ્યુ.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા
તા.    –૦૯–૨૦૨૩.

*HDU....*

INFORMATION PURPOSE ONLY

“This content is generated from www.suratmunicipal.gov.in for information purpose.”